આંક :-

-:: નમૂનો - અ ::-

જૂનાગઢના મહે. અધિક ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટની કોર્ટ સમક્ષ, મું. જૂનાગઢ.

ચૂકાદાની તારીખ :- ૩૦/૦૬/૨૦૨૬.
ફોજદારી કેસ નંબર :- ૩૬૪૭/૨૦૨૨

ગુન્હાની વિગત	
ગુન્હાની કલમ	ધ નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબ.
પ્રથમ માહિતી અહેવાલ નંબર	ખાનગી ફરિયાદ છે.
પોલીસ સ્ટેશન	-
ફરિયાદ પક્ષ	તેજસ પરેશભાઇ જોષી, ઉ.વ.આ. ૪૦, ધર્મે-હિન્દુ, ધંધો-વેપાર, રહેવાસી : ‘‘જોષી નિવાસ’’, ગીરનાર દરવાજા પાસે, ભવાનાથ રોડ, જૂનાગઢ.
ફરિયાદ પક્ષ તરફે	વિ.વકીલશ્રી એ. એમ. પારેખ.
આરોપી પક્ષ	રવિ મનસુખભાઇ લાખાણી, ઉ.વ.આ. ૩૮, ધર્મે-હિન્દુ, ધંધો-વેપાર, ઘર રહેવાસી : સનરેલી એપાર્ટમેન્ટ, રણછોડ નગર, ત્રીજો માળ, ઝાંઝરડા રોડ, જૂનાગઢ. ઓફિસ : કૈલાસ થર્મો ફોમીંગ, વડાલ ગામની આગળ, જૂનાગઢ-રાજકોટ હાઇવે, જૂનાગઢ.
આરોપી તરફે	વિ.વકીલશ્રી ઝેડ. વી. હોથ.

-:: નમૂનો - બ ::-

ગુનાની તારીખ	--
પ્રથમ માહિતી અહેવાલની તારીખ	ખાનગી ફરિયાદ છે
ચાર્જશીટની તારીખ	--
તહોમતનામું/પ્લી ફરમાવ્યાની તારીખ	૦૯/૧૦/૨૦૨૩
પુરાવો શરૂ થયાની તારીખ	--
ચૂકાદો મુલત્વી રાખ્યાની તારીખ	૧૯/૦૬/૨૦૨૬
ચૂકાદાની તારીખ	૩૦/૦૬/૨૦૨૬
સજા હુકમની તારીખ (લાગુ પડે તો)	--

-:: આરોપીની વિગત ::-

ક્રમ	આરોપીનું નામ	ધરપકડની તારીખ	જામીન મુકત તારીખ	તહોમત	શું નિર્દોષ દોષિત	કરવામાં આવેલ સજા	સુનાવણી દરમિયાન અટકાયતનો સમયગા
૧	રવિ મનસુખભાઇ લાખાણી	--	--	ધ નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબ	શંકાનો લાભ આપી છોડી મુકયા	--	--

-:: નમૂનો - ક ::-

: સાહેદોનું લીસ્ટ :

અ. ફરિયાદ પક્ષ તરફે સાહેદો :

ક્રમ	આંક	નામ	પુરાવાનો પ્રકાર
૧	૫	તેજસ પરેશભાઇ જોષી	ફરિયાદી

: દસ્તાવેજી પુરાવાનું લીસ્ટ :

અ. ફરિયાદ પક્ષ તરફે રજુ થયેલ દસ્તાવેજો :

ક્રમ	આંક	વિગત
૧	૩૬	ફરિયાદ વાળો એચ.ડી.એફ.સી. બેંક, સકકરબાગ શાખા, જૂનાગઢનો તા.૧૬/૦૩/૨૦૨૨ નો રૂા.૧૫,૦૦,૦૦૦/- નો અસલ ચેક.
૨	૩૭	ચેક બેંકમાં જમા કરાવ્યાની પાવતી.
૩	૩૮	તા.૧૬/૦૩/૨૦૨૨ ના રોજનો ચેક રીટર્ન મેમો.
૪	૩૯	રજી.એ.ડી.ની પોસ્ટલ વિન્ડો સ્લીપ.
૫	૪૦	ફરિયાદીએ વકીલ મારફતે તા.૨૫/૦૩/૨૦૨૨ ના રોજ આરોપીને આપેલ નોટિસની સ્થળપ્રત.
૬	૪૧	''લેફ્ટ માલિક હાજર નથી'' ના શેરા સાથે પરત આવેલ કવર.
૭	૪૨	''રીફ્યુઝડ'' ના શેરા સાથે પરત આવેલ કવર.

બ. બચાવ પક્ષ તરફે સાહેદો :

ક્રમ	આંક	નામ	પુરાવાનો પ્રકાર
--	--	--	--

: દસ્તાવેજી પુરાવાનું લીસ્ટ :

બ. બચાવ પક્ષ તરફે રજુ થયેલ દસ્તાવેજો :

ક્રમ	આંક	વિગત
૧	૫૭	તા.૦૭/૦૬/૨૦૧૦૯ ના કરાર દસ્તાવેજની એટેસ્ટેડ નકલ.

-:: ચૂ કા દો ::-

ફરિયાદ પક્ષનો કેસ :-

(૧) આ કામે ફરિયાદીના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના ફરિયાદી અને આરોપી એકબીજાના સારા મિત્ર છે અને બંને વચ્ચે મિત્રતાના સંબંધ છે.

આરોપી કૈલાસ થર્મો ફોર્મીંગના નામથી કારખાનું ચલાવતા હોય જેથી તેમને ધંધામાં રોકાણ અર્થે મુડીની જરૂરીયાત ઉભી થયેલ હોય આરોપીને રૂા.૧૫,૦૦,૦૦૦/- ની જરૂરીયાત ઉભી થતા આરોપીએ ફરિયાદીને જણાવેલ કે, મારે ધંધામાં રૂા.૧૫,૦૦,૦૦૦/- ની જરૂરીયાત છે. ફરિયાદી તથા આરોપી જુના મિત્ર થતા હોય જેથી ફરિયાદીએ આરોપીને હાથ ઉછીના રૂા.૧૫,૦૦,૦૦૦/- વગર વ્યાજે આપેલ, જે રકમ આરોપી ફરિયાદીને થોડા સમય બાદ પરત ચૂકવી આપવાનું વચન અને વિશ્વાસ આપેલ. થોડો સમય પસાર થતા ફરિયાદીએ આરોપીને આપેલ કાયદેસરની લેણી રકમ રૂા.૧૫,૦૦,૦૦૦/- ની માંગણી કરતા આરોપીએ ફરિયાદીને તા.૧૬/૦૩/૨૦૨૨ ના રોજનો રૂા.૧૫,૦૦,૦૦૦/- નો ચેક નં.૦૦૦૧૨૮, એચ.ડી.એફ.સી. બેંક, સકકરબાગ શાખા જૂનાગઢનો ખાતા નં.૦૨૩૧૧૫૦૦૦૭૩૫૦ નો ફરિયાદીના નામ જોગ લખી આપેલ. તે વખતે આરોપીએ ફરિયાદીને જણાવેલ કે તમારી કાયદેસરની લેણી રકમ જયારે તમારા બેંક એકાઉન્ટમાં ચેક જમા કરશો ત્યારે તમોને મળી જશે તેવો વચન, વિશ્વાસ અને ખાત્રી આપેલ. આરોપીના વચન, વિશ્વાસ અને ખાત્રીને ધ્યાને લઇ ફરિયાદીએ ચેક સ્વીકારેલ. ફરિયાદીએ તેઓની એચ.ડી.એફ.સી. બેંક જૂનાગઢ શાખામાં તેમના ખાતા નં.૫૦૧૦૦૧૫૬૪૧૬૬૫૨ માં તા.૧૬/૦૩/૨૦૨૨ ના રોજ ચેક જમા કરાવતા ચેક તા.૧૬/૦૩/૨૦૨૨ ના રોજ ''અપુરતા ભંડોળ'' ના શેરા સાથે રીટર્ન મેમોની વિગતે પરત ફરેલ છે. જેથી ફરિયાદીને તેઓની કાયદેસરની લેણી રકમ મળેલ નહીં. ત્યારબાદ કાયદાની જોગવાઇ મુજબ આરોપીને તા.૨૫/૦૩/૨૦૨૨ ના રોજ વકીલ મારફત ઘરના તેમજ ઓફિસના સરનામે રજી.એ.ડી.થી નોટિસ મોકલાવેલ, જે નોટિસ આરોપીના ઘરના સરનામેથી તા.૩૦/૦૩/૨૦૨૨ ના રોજ લેફટના શેરાથી બંધ કવરની વિગતે પરત ફરેલ તેમજ ઓફિસના સરનામેથી તા.૩૦/૦૩/૨૦૨૨ ના રોજ રીફયુઝના શેરા સાથે બંધ કવરની વિગતે પરત ફરેલ છે. આમ આરોપીએ જાણી જોઇ નોટિસનો સ્વીકાર કરેલ ન હોય તેમજ ફરિયાદીની કાયદેસરની લેણી રકમ ચૂકવેલ ન હોય જેથી હાલની ફરિયાદ કરવાની ફરજ પડેલ છે. ફરિયાદ મુદતમાં છે, જે પ્રથમ વખતની ફરિયાદ છે. ફરિયાદીનું

બેંક એકાઉન્ટ જૂનાગઢ મુકામે છે જેમાં ચેક જમા કરવામાં આવેલ અને જૂનાગઢ મુકામે જ ચેક રીટર્ન થયેલ છે અને ફરિયાદી જૂનાગઢ મુકામે રહેતા હોય હાલની ફરિયાદ ચલાવવા નામદાર કોર્ટને હકૂમત છે. જેથી હાલની ફરિયાદ લાવી આરોપીએ ધી નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબનો ગંભીર અને સજાપાત્ર ગુનો કરેલ હોય જે ધ્યાને લઇ ચેક મુજબની રકમ વળતર તરીકે વસૂલ અપાવી, મોટી રકમનો દંડ ફટકારી સખત નશ્યત કરી જેલની સજા કરવા તથા ફરિયાદને અનુરૂપ અન્ય મળી શકતી તેમજ અપાવી શકાતી તમામ દાદ અપાવવા તેમજ આરોપીએ આપેલ ચેક રીટર્ન થતા ફરિયાદીને થયેલ નુકશાનનું વળતર અપાવવા અરજ કરેલ છે.

<u>આરોપીની હાજરી અને પ્લી :-</u>

(૨) આરોપીને સમન્સ બજતા આરોપી અત્રેની અદાલત સમક્ષ હાજર થતા તેઓને ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ-૨૦૭ મુજબ ફરિયાદ અને તેની સાથેના પેપર્સની નકલ પુરી પાડયા બાદ આરોપી વિરૂધ્ધ ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ-૨૫૧ મુજબ આંક-૧૧ થી તા.૦૯/૧૦/૨૦૨૩ ના રોજ પ્લી રેકર્ડ કરવામાં આવેલ. આરોપીએ ગુનાનો ઇન્કાર કરતા કેસની ન્યાયિક કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

<u>ફરિયાદ પક્ષે મૌખિક તથા દસ્તાવેજી પુરાવો :-</u>

(૩) ફરિયાદીએ તેઓની ફરિયાદના સમર્થનમાં નમૂના ‘ક’ (અ) મુજબના મૌખિક પુરાવાઓ તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ રાખેલ છે અને કેસ રીમાન્ડ થયા બાદ વિશેષ કોઇ પુરાવો રજૂ રાખેલ નથી અને ફરિયાદી તરફે આંક-૪૪ થી પુરાવો પુરો થયાનું કલોઝીંગ પુરસીસથી જાહેર કરેલ છે.

<u>બચાવ પક્ષ ધ્વારા રજુ પુરાવો :-</u>

(૪) બચાવ પક્ષે પોતાના બચાવના સમર્થનમાં નમૂના ‘‘ક’’ (બ) મુજબનો પુરાવો રજૂ રાખેલ છે અને બચાવ પક્ષ તરફે આંક-૫૮ થી પુરાવો પુરો થયાનું કલોઝીંગ પુરસીસથી જાહેર કરેલ છે.

(૫) <u>ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ-૩૧૩ મુજબ આરોપીનું વિશેષ નિવેદન :-</u>

આ કામે પુરાવાના અંતે આરોપીનું ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ-૧૩૧ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવતા આરોપીએ ફરિયાદ પક્ષના પુરાવાનો ઇન્કાર કરી બચાવમાં સાક્ષી તપાસવાનો અને જાતે સોગંદ ઉપર પુરાવો આપવાનો ઇન્કાર કરેલ છે અને બચાવમાં દસ્તાવેજી પુરાવા રજૂ કરવા માંગતા હોવાનું જણાવી ફરિયાદીએ ચેકનો દુરૂપયોગ કરેલ છે, ફરિયાદ મુજબનો કોઇ વ્યવહાર થયેલ નથી, ફરિયાદ મુજબની કોઇ કાયદેસરની લેણી રકમ ફરિયાદી માંગતા ન હોવા છતાં ખોટી ફરિયાદ કરેલ છે, તેનો તદન નિર્દોષ છે.

<u>દલીલો :-</u>

(૬) સદર કામે ફરિયાદ પક્ષે તેઓના વિ.વકીલશ્રી એ. એમ. પારેખની મૌખિક દલીલો સાંભળી. જયારે આરોપી તરફે વિ.વકીલશ્રી ઝેડ. વી. હોથ નાઓએ આંક-૬૯ થી લેખિત દલીલ રજૂ રાખેલ છે, જે વંચાણે લીધી.

(૬.૧) આરોપી તરફે વિ.વકીલશ્રીએ આંક-૬૯ થી લેખિત દલીલમાં એવી રજુઆત કરેલ છે કે, ઉલટતપાસ દ્વારા ચકાસાયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાની એવીડેન્ટરી વેલ્યુ નકકી થાય છે. ફરિયાદીની ઉલટતપાસનો પુરાવો ધ્યાને લઇએ તો ફરિયાદી તેની આવક જાવકના હિસાબો રાખે છે અને ઇન્કમ ટેક્ષ રીટર્ન પણ ભરપાઇ કરે છે અને તે ઇન્કમ ટેક્ષ રીટર્નમાં ફરિયાદી તેની આવક બતાવે છે. હાલના કામે ફરિયાદીએ તેની આવક અંગેના કોઇ પુરાવા રજૂ કરેલા નથી. ફરિયાદી તેની આવક જાવકના હિસાબો રાખતા હોવા છતાં આ કામમાં રજૂ રાખેલા નથી. ફરિયાદ વાળો વ્યવહાર કરવા ફરિયાદી આર્થિક રીતે સધ્ધર હોય તેવી કોઇ હકીકત અંગેનો પુરાવો સમગ્ર ટ્રાયલ દરમિયાન ફરિયાદી તરફે રજૂ થયેલ નથી. આમ ફરિયાદી તેની આર્થિક સધ્ધરતા પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલા છે અને આર્થિક સધ્ધરતા પુરવાર કરવા અંગેનો બર્ડન પુરાવો આપી ડીસ્ચાર્જ કરેલ નથી. જેથી ફરિયાદીને નેગોશીએબલ

ઇન્સ્ટ્રુમેન્ટ એકટની જોગવાઇઓ મુજબનો અનુમાનનો લાભ ફરિયાદીને મળવાપાત્ર થતો નથી. હાલનો તકરારી ચેક અન્ય વ્યવહાર અંગે આરોપીએ આપેલ અને તે અંગેનું લખાણ પણ કરવામાં આવેલ હોવાનું ઉલટતપાસમાં ફરિયાદીએ સ્વીકારેલ છે આમ તકરારી ચેક આરોપીએ ફરિયાદીને ફરિયાદ વાળા વ્યવહાર પેટે આપેલ હોવાની હકીકત પુરવાર થતી નથી. હાલનો ચેક અંગેનો નાણાંકિય વ્યવહાર સને ૨૦૧૮ માં થયેલ એટલે કે ફરિયાદ દાખલ કર્યાના ત્રણ વર્ષ અગાઉ ફરિયાદ વાળો વ્યવહાર થયેલાનું જણાવે છે. હાલનો તકરારી ચેક આરોપીએ ફરિયાદીને સને ૨૦૧૮ માં આપેલો અને વ્યવહાર થયા બાદ ત્રણ વર્ષ બાદ હાલની ફરિયાદ સને ૨૦૨૨ માં કરેલી. કાયદેસરના લેણાને ધ્યાને લઇએ તો ત્રણ વર્ષ કરતા વધુ સમય પહેલાનું લેણું હોય તો તે કાયદેસર ગણી શકાય નહીં. આ અંગે ભારતીય કરાર ધારાની કલમ-૨૫(૩) ની જોગવાઇ ધ્યાને લઇએ તો ફરિયાદીનું લેણું તે કાયદેસરનું લેણું નથી. જેથી મુદત બહારના લેણા માટે નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ અન્વયે ફરિયાદ ટકી શકે નહીં. ફરિયાદીએ ઉલટતપાસમાં આરોપી પાસેથી બે થી વધુ ચેક મેળવેલા હોવાનું સ્વીકારેલ છે. આ અંગેનો ઉલ્લેખ ફરિયાદએ તેની નોટિસ, ફરિયાદ કે સરતપાસના સોગંદનામામાં કરેલો નથી અને આ હકીકત ફરિયાદીને નામદાર કોર્ટથી છુપાવેલ છે. આમ ફરિયાદી નામદાર કોર્ટમાં કલીન હેન્ડ આવેલા નથી. ફરિયાદીએ સત્ય વ્યવહાર છુપાવેલ છે જેથી ફરિયાદીની ફરિયાદ શંકાસ્પદ અને ખોટી છે. ફરિયાદીના કહેવા મુજબના ફરિયાદ વાળા વ્યવહાર પેટે હાલનો તકરારી ચેક આરોપી મારફત અપાયેલ નથી. આરોપીએ પોતાનો પ્રોબેબલ ડીફેન્સ કરેલો છે અને આરોપી પોતાનો બચાવ કરવામાં સફળ રહેલા છે. જેથી ફરિયાદીની ફરિયાદ રદ કરી આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ ફરમાવવા અરજ કરેલ છે.

(૭) પક્ષકારોના વિ.વકીલશ્રીઓની દલીલો અને રેકર્ડ ઉપરનો પુરાવો ધ્યાને લેતા આ કેસના ન્યાયિક નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદા ઉપસ્થિત થાય છે.

-:: મુદાઓ ::-

૧.	શું ફરિયાદી શંકારહિત પુરવાર કરે છે કે, આરોપીએ એચ.ડી.એફ.સી. બેંક, સકકરબાગ શાખા, જૂનાગઢ શાખાનો ચેક નં.૦૦૦૧૨૮ નો તા.૧૬/૦૩/૨૦૨૨ નો રૂા.૧૫,૦૦,૦૦૦/- નો તેઓની સહી કરી આપેલ, જે ચેક ''ફંડસ ઇનસફીશીયન્ટ' ના શેરા સાથે પરત ફરેલ. જેથી ફરિયાદીએ આરોપીને નોટિસ આપેલ, જે નોટિસ મળી જવા છતાં ચેક મુજબની રકમ નહીં ચૂકવીને આરોપીએ ધી નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબ સજાપાત્ર ગુનો કરેલ છે ?
૨	શું હુકમ ?

(૮) ઉપરોકત મુદાના મારા નિર્ણયો તેના કારણો સહિત નીચે મુજબ છે.

મુદા નં.(૧) : નકારમાં.

મુદા નં.(૨) : આખરી હુકમ મુજબ.

-:: કા ર ણો ::-

મુદા નં.(૧) તથા (૨) :-

(૯) વટાઉખત અધિનિયમ અંતર્ગતના ગુના માટે જરૂરી તત્વો અને કાયદાના મુળભુત સિધ્ધાંતો ધ્યાને લેતા આ કામે આરોપી વિરૂધ્ધના ધ નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ અન્વયેનો શિક્ષાપાત્ર કૃત્ય કરેલ હોવાનો આક્ષેપ હોય ત્યારે ફરિયાદ પક્ષ તરફે રજુ કરવામાં આવેલ પુરાવાથી નીચે જણાવ્યા મુજબના તત્વો પુરવાર કરવા જરૂરી છે.

(એ) રીટર્ન થયેલ ચેક આરોપી ધ્વારા નિભાવવામાં આવતા કોઇ બેંક ખાતાનો ચેક હોવો જોઇએ.

(બી) આવો કોઇ ચેક કાયદેસર રીતે વસૂલી શકાય તેવા દેવા અથવા જવાબદારીની સંપૂર્ણ કે અંશત: ચૂકવણી માટે આપેલ હોવો જોઇએ.

(સી) આવો ચેક ત્રણ મહિના અથવા વેલીડી પીરીયડ બેમાંથી જે પહેલું હોય તે સમયગાળામાં બેંકમાં રજુ થયેલ હોવો જોઇએ.

(ડી) આવો ચેક અપુરતા ભંડોળના કારણે કે બેંક સાથે કરવામાં આવેલ વ્યવસ્થા કરતા વધુ રકમ ન હોવાના કારણે વગર ચૂકવણીએ પરત થયેલ હોવો જોઇએ.

(ઇ) આવો ચેક વગર ચૂકવેલ પરત થયાની બેંક ધ્વારા જાણ કરવામાં આવ્યાના ૩૦ દિવસની અંદર નોટિસ ધ્વારા ચેક લખનારને જાણ કરી ચેકની રકમની જાણ કરવી જોઇએ.

(એફ) આવી રકમની માંગણી કરતી નોટિસ ચેક લખનારને મળ્યાના ૧૫ દિવસમાં ચેક લખનાર ચેકની રકમની ચૂકવણી ન કરે તો તેને એક માસમાં ચેકનો પે અથવા હોલ્ડર ઇન ડયુ કોર્સ હોય તેને ફરિયાદ કરેલ હોવી જોઇએ.

(૧૦) ઉપરોકત પેરામાં જણાવ્યા મુજબ જોગવાઇઓનું પાલન થયેલ છે તે બાબત પુરવાર કરવાની જવાબદારી ફરિયાદ પક્ષ ઉપર છે. સદરહુ તમામ હકીકત પુરવાર કરવા માટે સ્ટાન્ડર્ડ ઓફ પ્રુફ ફોજદારી કાયદાના પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંત મુજબ ફરિયાદમાં જણાવેલ હકીકતો કોઇપણ પ્રકારની શંકાથી પર પુરવાર કરવી જરૂરી બને છે. નામદાર સર્વોચ્ચ અદાલતે તેમના ચૂકાદા ૨૦૦૮(૨) ક્રિમીનલ લો-જનરલ ૬૬૩, કે. પ્રકાશન વિરૂધ્ધ પી. કે. સુરેન્દ્રના ચૂકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો મુજબ ભારતીય પુરાવા અધિનિયમની કલમ-૩ માં કરવામાં આવેલ સાબિતી અંગેની જોગવાઇ મુજબ ધી નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ ની જોગવાઇ મુજબની હકીકતો ફરિયાદીએ શંકારહિત સાબિત કરવી જોઇએ. સદરહુ હકીકતોનું સાબિતીનું ધોરણ ફોજદારી કાયદાના પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતો મુજબ શંકાથી પર હોવું જોઇએ. ધી નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ થી કરવામાં આવેલ જોગવાઇઓનું પાલન પુરવાર થયે ધી નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૯ થી કરવામાં

આવેલ જોગવાઇ મુજબ જયાં સુધી વિરૂધ્ધની હકીકત સાબિત ન થાય ત્યાં સુધી ફરિયાદીના લાભમાં અનુમાન કરવામાં આવશે તેમ જણાવેલ છે, પરંતુ તેમ છતાં ધી નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૯ થી વિરૂધ્ધનો પુરાવો રજુ કરવાની જવાબદારી તથા ધી નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૧૮ ના વૈધાનિક અનુમાન (સ્ટેચ્યુટરી પ્રિઝમ્પશન) થી વિરૂધ્ધની હકીકત સાબિત કરવાની જવાબદારી આરોપી ઉપર નાખવામાં આવેલ છે, એટલે કે વણચૂકવેલ રકમ પરત આવેલ ચેક કાયદેસરની જવાબદારી કે દેવા પેટેનો ન હતો તે પુરવાર કરવાનો બોજો ચેક લખી આપનાર (આરોપી) ઉપર રહે છે. જેથી આરોપી વિરૂધ્ધનો પુરાવો જયાં સુધી રજુ ન કરે એટલે કે ખંડનાત્મક પુરાવો રજુ ન કરે ત્યાં સુધી આરોપી વિરૂધ્ધનું અનુમાન અદાલતે કરવું જોઇએ તે મુજબની કાયદાકીય જોગવાઇઓ ધ્યાને લઇ આ કામે પડેલ પુરાવા અને કરવામાં આવેલ દલીલને અનુસંધાને સમગ્ર રેકર્ડ વંચાણે લેતા, આ અદાલતના મંતવ્ય મુજષ્બ તથા તથા ધી નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ માં જણાવવામાં આવેલ જોગવાઇઓ મુજબની હકીકતો એટલે કે ચેક તેની કાયદેસરની સમય મર્યાદામાં બેંકમાં ચૂકવણી અર્થે રજુ થવો જોઇએ, ચેક કાયદેસરના લેણાં અથવા જવાબદારી પેટે લખાયેલ છે તથા ચેક અપુરતા ભંડોળના કારણે પરત ફરેલ છે તથા ચેક પરત ફર્યા બાદ નોટિસ આપવામાં આવેલ છે અને તે નોટિસ આરોપીને મળી ગયેલ છે તે બાબતનો પુરાવો અદાલતના રેકર્ડ ઉપર રજુ કરવાની જવાબદારી ફરિયાદીની છે અને ફરિયાદી જયાં સુધી ઉપર મુજબની હકીકતો પુરવાર ન કરે ત્યાં સુધી આ અદાલત ધી નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૯ થી કરવામાં આવેલ જોગવાઇ મુજબ ફરિયાદીની તરફેણમાં એટલે કે, ચેકના ધારણ કરનારની તરફેણમાં અનુમાન કરી ના શકે અને જો ફરિયાદી એવું ઇચ્છતા હોય કે, અદાલત ફરિયાદીની તરફેણમાં કલમ-૧૩૯ મુજબનું અનુમાન કરે તો ફરિયાદીએ ધી નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ માં કરવામાં આવેલ જોગવાઇ મુજબની હકીકતો પુરવાર કરવી જોઇએ. વધુમાં સદર અધિનિયમની કલમ-૧૩૮ અન્વયે શરૂઆતની ઉપરોકત હકીકતો જેવી કે ચેકનું

એકઝીકયુશન, ફરિયાદી જ આવા ચેકના પેઇ કે હોલ્ડર ઇન ડયુ કોર્ષ છે જેવી હકીકત ફરિયાદી સાબિત કરે તો અદાલતે આરોપી વિરૂધ્ધ કેટલાક અનુમાનો કરવાના રહે છે. જે અનુમાનો કાયદા ધ્વારા કરવામાં આવેલ અનુમાનો છે અને તે મુજબના અનુમાન કરવા માટે કોર્ટ કાયદા ધ્વારા બંધાયેલી છે, પરંતુ તે અનુમાનો ખંડનાત્મક અનુમાનો હોય, તે અનુમાનોનો ખંડન કરવાનો બોજો આરોપી પર રહેલ છે, જે અનુમાનોનું ખંડન બચાવ પક્ષે પોતાના સંભવિત અને માની શકાય તેવા બચાવ રજુ કરી કરવાનો છે. આવો બચાવ રજુ કરવા માટે બચાવ પક્ષે જાતે કોઇ પુરાવો રજુ કરવાની કે સાક્ષી તરીકે જુબાની આપવાની આવશ્યકતા રહેતી નથી. બચાવ પક્ષે આવો બચાવ ફરિયાદ પક્ષના પુરાવા પરથી શંકા ઉત્પન્ન થાય તેવી હકીકત કે સંજોગો રેકર્ડ પર લાવી કરી શકે છે. સંભવિત બચાવ રજુ કરવાનો અર્થ માત્ર સૂચનો કરવા તેવો થતો નથી, પરંતુ આવો સંભવિત બચાવ એવી રીતે રજુ થવો જોઇએ કે જેના આધારે સામાન્ય સમજણશકિત વાળો વ્યકિત તે બચાવને સંભવિત અને સામાન્ય રીતે માનવા યોગ્ય માની શકે તેમજ બચાવ પક્ષે જે સૂચનો કરેલ હોય તેના સમર્થનમાં થોડા ઘણા અંશે પુરાવો રેકર્ડ પર આવેલ હોવો જોઇએ, પરંતુ સમર્થન કરતા કોઇ આધાર પુરાવા સ્વિાયના માત્ર સૂચનોને સંભવિત બચાવ માની શકાય નહીં.

Hon'ble Supreme Court in the case of Rangappa v. Sri Mohan (2010) 11 SCC 441, has reiterated and summarised the principles relating to presumptions under Sections 118 and 139 of the NI Act and rebuttal thereof in the following:-

"26. In the light of these extracts, we are in agreement with the respondent claimant that the presumption mandated by Section 139 of the Act does indeed include the existence of a legally enforceable debt or liability. To that extent, the impugned observations in Krishna Janardhan Bhat may not be correct. However, this does not in any way cast doubt on the correctness of the decision in that case since it is based on the

specific facts and circumstances therein. As noted in the citations, this is of course in the nature of a rebuttal presumption and it is open to the accused to raise a defence wherein the existence of a legally enforceable debt or liability can be contested. However, there can be no doubt that there is an initial presumption which favors the complainant.

27. Section 139 of the Act is an example of a reverse onus clause that has been included in furtherance of the legislative objective of improving the credibility of negotiable instruments. While Section 138 of the Act specifies a strong criminal remedy in relation to the dishonor of cheques, the rebuttable presumption under Section 139 is a device to prevent undue delay in the course of litigation. However, it must be remembered that the offence made punishable by Section 138 can be better described as a regulatory offence since the bouncing of a cheque is largely in the nature of a civil wrong whose impact is usually confined to the private parties involved in commercial transactions. In such a scenario, the test of proportionality should guide the construction and interpretation of reverse onus clauses and the defendant-accused cannot be expected to discharge an unduly high standard of proof.

28. In the absence of compelling justifications, reverse onus clauses usually impose an evidentiary burden and not a persuasive burden. Keeping this in view, it is a settled position that when an accused has to rebut the presumption under Section 139, the standard of proof for doing so is that of "preponderance of probabilities". Therefore, if the accused is

able to raise a probable defence which creates doubts about the existence of a legally enforceable debt or liability, the prosecution can fail. As clarified in the citations, the accused can rely on the materials submitted by the complainant in order to raise such a defence and it is conceivable that in some cases the accused may not need to adduce evidence of his/her own."

On the aspects relating to preponderance of probabilities, the accused has to bring on record such facts and such circumstances which may lead the Court to conclude either that the consideration did not exist or that its non- existence was so probable that a prudent man would, under the circumstances of the case, act upon the plea that the consideration did not exist. This Court has, time and again, emphasized that though there may not be sufficient negative evidence which could be brought on record by the accused to discharge his burden, yet mere denial would not fulfill the requirements of rebuttal as envisaged under Section 118 and 139 of the NI Act.

Hon'ble Supreme Court has stated the principles in the case of Kumar Exports (supra) as follows:

"20. The accused in a trial under Section 138 of the Act has two options. He can either show that consideration and debt did not exist or that under the particular circumstances of the case the non-existence of consideration and debt is so probable that a prudent man ought to suppose that no consideration and debt existed. To rebut the statutory presumptions an accused is not expected to prove his defence beyond reasonable doubt as is expected of the complainant in a criminal trial. The accused may adduce direct evidence to prove that the note in question

was not supported by consideration and that there was no debt or liability to be discharged by him. However, the court need not insist in every case that the accused should disprove the non- existence of consideration and debt by leading direct evidence because the existence of negative evidence is neither possible nor contemplated. At the same time, it is clear that bare denial of the passing of the consideration and existence of debt, apparently would not serve the purpose of the accused. Something which is probable has to be brought on record for getting the burden of proof shifted to the complainant. To disprove the presumptions, the accused should bring on record such facts and circumstances, upon consideration of which, the court may either believe that the consideration and debt did not exist or their non-existence was so probable that a prudent man would under the circumstances of the case, act upon the plea that they did not exist. Apart from adducing direct evidence to prove that the note in question was not supported by consideration or that he had not incurred any debt or liability, the accused may also rely upon circumstantial evidence and if the circumstances so relied upon are compelling, the burden may likewise shift again on to the complainant. The accused may also rely upon presumptions of fact, for instance, those mentioned in Section 114 of the Evidence Act to rebut the presumptions arising under Sections 118 and 139. The accused has also an option to prove the non-existence of consideration and debt or liability either by letting in evidence or in some clear and exceptional cases, from the case set out by the complainant, that is, the averments in the complaint, the case set out in the statutory notice and evidence adduced by the

complainant during the trial. Once such rebuttal evidence is adduced and accepted by the court, having regard to all the circumstances of the case and the preponderance of probabilities, the evidential burden shifts back to the complainant and, therefore, the presumptions under Sections 118 and 139 of the Act will not again come to the complainant's rescue."

Hon'ble Supreme Court in the case of Baslingappa vs. Mudibasappa having -noticed the ratio laid down by the Hon'ble Supreme Court in various cases on Sections 118(a) and 139, have now summarise the principles enumerated in following manner:-

(i) Once the execution of cheque is admitted Section 139 of the Act mandates a presumption that the cheque was for the discharge of any debt or other liability.

(ii) The presumption under Section 139 is a rebuttable presumption and the onus is on the accused to raise the probable defence. The standard of proof for rebutting the presumption is that of preponderance of probabilities.

(iii) To rebut the presumption, it is open for the accused to rely on evidence led by him or accused can also rely on the materials submitted by the complainant in order to raise a probable defence. Inference of preponderance of probabilities can be drawn not only from the materials brought on record by the parties but also by reference to the circumstances upon which they rely.

(iv) That it is not necessary for the accused to come in the witness box in support of his defence, Section 139 ***imposed an evidentiary burden and not a persuasive burden.***

(v) It is not necessary for the accused to come in the witness box to support his defence.

(૧૧) આમ, ઉપરોકત કાયદાકીય જોગવાઇ તથા નામદાર સુપ્રીમ કોર્ટના પ્રસ્થાપિત સિધ્ધાંતો મુજબ જો ચેક ધારક ચેક આરોપીના ખાતાનો હોવાનું, ચેક પર આરોપીની સહી હોવાનું અને જે વ્યવહાર માટે ચેક આપવામાં આવેલ હોવાનું જણાવે છે તે વ્યવહાર થયો હોવાની શરૂઆતની હકીકત પુરવાર કરે તો ફરિયાદીની તરફેણમાં કાયદા મુજબનું અનુમાન કરવાનું રહે છે કે, ચેક દેવા કે જવાબદારીના સંપૂર્ણ કે અંશત: ચૂકવણી માટે આપવામાં આવેલ હતો. અત્રે એ હકીકત નોંધવી ખૂબ જરૂરી છે કે, ધી નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૧૮ અને ૧૩૯ ના અનુમાનો ખંડનાત્મક અનુમાનો હોય અને તે અનુમાનોનું ખંડન બચાવ પક્ષે પોતાના માની શકાય તેવા પુરવા ધ્વારા અથવા તો એવા સંજોગોનું અસ્તિત્વ રેકર્ડ પર લાવીને કરવાનું રહે છે કે જેના આધારે સામાન્ય સમજ શકિતવાળો માણસ એવું માની શકે કે આવો ચેક કોઇ દેવા કે જવાબદારી પેટે આપવામાં આવેલ હતો નહીં અથવા તો ફરિયાદી જણાવે છે તેવા વ્યવહાર, દેવા કે જવાબદારીનું અસ્તિત્વ માની શકાય તેમ નથી, પરંતુ તે ખંડન કરવા માટે આરોપીને પોતાને સાહેદ તરીકે તપાસવાની આવશ્યકતા નથી કે પોતે પુરાવો રજુ કરવાની જરૂર નથી. આરોપી આવા અનુમાનનું ખંડન ફરિયાદ પક્ષ ધ્વારા રજુ પુરાવાથી પણ કરી શકે છે, જે સિધ્ધાંતને ધ્યાનમાં રાખી હાલના કેસમાં રજુ થયેલ પુરાવાનું મૂલ્યાંકન કરવાનું રહે છે.

(૧૨) સદર કામે ફરિયાદી તેજસ પરેશભાઇ જોષીએ આંક-૫ થી સરતપાસના પુરાવાનું સોગંદનામું રજુ કરી ફરિયાદ હકીકત અનુરૂપ પુરાવો આપેલ હોય પુરાવાનું પુનરાવર્તન કરવાનું ઉચિત જણાતું નથી. ફરિયાદીની આરોપીના વિ.વકીલશ્રી ધ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે તે ધ્યાને લેવામાં આવે તો ફરિયાદીએ એ હકીકતનો

સ્વીકાર કરેલ છે કે, તેઓ બી.કોમ. ગ્રેજયુએટ છે, કન્સ્ટ્રકશન, એગ્રી ફાઇનાન્સ અને સીડસનો ધંધો કરે છે અને તેમની તમામ આવક જાવકના હિસાબો રાખે છે અને ઇન્કમ ટેક્ષ રીટર્ન ભરે છે અને તેમાં તેઓની આવક બતાવે છે, પરંતુ કોઇને પૈસા આપેલ હોય તે બતાવતા નથી. તેઓ તેમના હાથ ઉપર ઘર ખર્ચ અને બીજા ખર્ચમાં પહોંચી વળવા આશરે રૂપિયા દશ થી વીસ લાખ સુધીની રકમ રાખે છે. તેઓ આરોપીને છેલ્લા નવ-દશ વર્ષથી ઓળખે છે અને તેઓને અને આરોપી વચ્ચે આ કેસમાં જે વ્યવહાર થયેલ તે સિવાય બીજા અન્ય નાણાંકિય વ્યવહાર અગાઉ થયેલા. આ વ્યવહાર સિવાય તેઓને અને આરોપી વચ્ચે અગાઉ રૂપિયા ત્રણ લાખથી લઇને વીસ લાખ સુધીના નાણાંકિય વ્યવહાર થયેલા અને આ અન્ય વ્યવહારો અંગે આરોપીએ તેમને ચેક આપેલ હોય અને તે અંગેનું લખાણ કરવામાં આવેલ હોય તેવું બનેલ છે. આ કામે સવાલ વાળો ચેક અન્ય કોઇ વ્યવહાર પેટે આપેલ હોય તેવું બનેલ નથી. હાલના ચેક અંગેનો નાણાંકિય વ્યવહાર આરોપી સાથે તેઓને આશરે સને ૨૦૧૮ માં થયેલો. હાલના નાણાંકિય વ્યવહાર અંગે તેઓને અને આરોપી વચ્ચે કોઇ લખાણ થયેલ હોય તેવું તેઓને યાદ નથી. વધુમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, જયારે આરોપી સાથે નાણાંકિય વ્યવહાર થયેલો ત્યારે આરોપીએ તેઓને ચેક આપેલો. તેઓ એ હકીકત ચોકકસ જણાવી શકે નહીં કે સને ૨૦૧૮ માં કયાં મહિનામાં આરોપી સાથે તેઓને નાણાંકિય વ્યવહાર થયેલો. વધુમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, સવાલવાળો ચેક આરોપીએ તેમને સને ૨૦૧૮ માં આપેલો હતો અને ત્યારથી ફરિયાદ દાખલ થઇ ત્યાં સુધી તેમની પાસે હતો. આ રકમ આપી ત્યારે તેઓ અને આરોપી બે જ હાજર હતા. સને ૨૦૧૮ માં તેમને આરોપી સાથે નાણાંકિય વ્યવહાર થયેલ ત્યારે આરોપીએ તેમને બે કે ત્રણ ચેક આપેલા. આ ત્રણેય ચેકમાં કેટલી રકમ નાખેલ તે તેમને યાદ નથી પરંતુ સવાલ વાળો ચેક પંદર લાખનો હતો અને આરોપીએ તે ચેક તેને બેંકમાં જમા કરવા જણાવેલું. વધુમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, હાલ પણ આરોપીના બે ચેક તેમની પાસે છે. તે વાતની તેઓને ખબર નથી કે તેમના અને આરોપી વચ્ચે જે લખાણ થયેલ તેમાં આવા

કોઇ ચેકનો ઉલ્લેખ કરેલ છે કે કેમ ? આરોપીને તેઓએ કયા કારણસર ઉછીના પૈસા આપેલા તે અંગે પૂછતા જણાવે છે કે, તેઓએ આરોપીને તેના કારખાનામાં પ્લાસ્ટીકના દાણાનો ટ્રક ભરવા માટે પૈસા આપેલા હતા. આ કારનાખાનું નામ ગેલોપ્સ થર્મોકોલ છે. આરોપી સિવાય તેમના બીજા કોઇ મિત્ર આ કારખાનામાં ભાગીદાર છે કે કેમ ? તે અંગે પૂછતા જણાવે છે કે, તેમના એક મિત્ર મયુરભાઇ આ કારખાનામાં ભાગીદાર થવાના હતા. તેઓ રાજેન્દ્રભાઇ ગોવિંદભાઇ નારને ઓળખે છે. વધુમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, હાલના વ્યવહાર અંગે રાજેન્દ્રભાઇ ગોવિંદભાઇ નારે તેમની સામે પોલીસ ફરિયાદ પણ કરેલ અને તે ફરિયાદમાં તેઓ અને આરોપી તહોમતદાર તરીકે હતા અને આ વ્યવહારમાં તેઓ અને રાજેન્દ્રભાઇ ગોવિંદભાઇ નાર બંને વચ્ચે પોલીસ સ્ટેશનમાં સમાધાન થયેલ. ફરિયાદના પેરા-૧ માં તહોમતદાર કૈસા થર્મો ફોમીંગના નામનથી પેઢી ધરાવે છે તેવું લખેલ છે હકીકતમાં આરોપી આવી કોઇ પેઢી ધરાવતા નથી ? તેવા સવાલના જવાબમાં તેઓએ તેમના વકીલશ્રીને જે લખાણ આપેલ તેમાં પ્રિન્ટીંગ મીસ્ટેક થઇ ગયેલ છે. તેઓએ સને ૨૦૧૮ ના ઇન્કમ ટેક્ષ રીટર્નમાં હાલનો વ્યવહાર દર્શાવેલ નથી. તેઓને રાજેન્દ્રભાઇ ગોવિંદભાઇ નાર સાથે જયારે સમાધાન થયેલ ત્યારે તેણે તેમને હાલના વ્યવહાર પેટેની કોઇ રકમ ચૂકવેલ નથી. આજદિન સુધીમાં આરોપીએ તેમને હાલના વ્યવહાર પેટેની કોઇ રકમ ચૂકવેલ નથી. તેઓની પાસે આરોપીના જે બે ચેક પડેલા છે તેમાં રકમ, તારીખ, નામ વિગેરે તમામ હકીકત ભરેલી છે. હાલના વ્યવહાર પેટે હાલના તકરારી ચેક સિવાય અન્ય બે ચેક મળેલા. વધુમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આરોપીએ હાલના વ્યવહાર પેટે તેમને ત્રણ ચેક આપેલા હોય તેવો ઉલ્લેખ તેમની ફરિયાદ, નોટિસ કે સરતપાસના સોગંદનામામાં કરેલ નથી. તેઓએ ફરિયાદ વાળા વ્યવહાર અંગે હાલની ફરિયાદ સિવાય આરોપી સામે અન્ય કોઇ નોટિસ કે ફરિયાદ કરેલ નથી. તેઓ તેમની પાસે પડેલા આરોપીના બે ચેકો આવતી મુદતે રજૂ કરવા તૈયાર નથી તેમજ હાલના વ્યવહાર અંગે થયેલ લખાણ રજૂ કરવા તૈયાર નથી

અને આ રજૂ ન કરવાનું કારણ જણાવી શકે તેમ નથી. તે સિવાયની તમામ હકીકતનો ઇન્કાર કરેલ છે.

(૧૩) આ કામે પક્ષકારો તરફે રજૂ થયેલ દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતા પહેલા દસ્તાવેજી પુરાવા સંદર્ભે ભારતીય પુરાવા અધિનિયમની કલમ-૬૧ થી કલમ-૬૫ ની જોગવાઇ ધ્યાને લેવી જરૂરી બની રહે છે, જે નીચે મુજબ છે.

- કલમ-૬૧ દસ્તાવેજોના મજકૂરની સાબિતી :- દસ્તાવેજોના મજકૂર પ્રાથમિક અથવા ગૌણ પુરાવાથી સાબિત કરી શકાશે.

- કલમ-૬૨ પ્રાથમિક પુરાવો :- પ્રાથમિક પુરાવો એટલે ન્યાયાલયના નિરીક્ષણ માટે રજૂ થયેલો હોય તે દસ્તાવેજ.

  સ્પષ્ટીકરણ-૧ : કોઇ દસ્તાવેજ જુદા જુદા ભાગોમાં રજૂ થયો હોય ત્યારે તેનો દરેક ભાગ તે દસ્તાવેજનો પ્રાથમિક પુરાવો છે. કોઇ દસ્તાવેજ પરસ્પર સામા લેખોના રૂપમાં થયો હોય અને દરેક સામો લેખ એક અથવા અમુક પક્ષકારોએ કરી આપ્યો હોય ત્યારે જેમણે તે કરી આપ્યો હોય તે પક્ષકારો વિરૂધ્ધ તે સામો લેખત પ્રાથમિક પુરાવો છે.

  સ્પષ્ટીકરણ-૨ : મુદ્રણ, લીથોગ્રાફી અથવા ફોટોગ્રાફીની જેમ એકસરખી ક્રિયા વડે ઘણા દસ્તાવેજો કરવામાં આવ્યા હોય ત્યારે દરેક દસ્તાવેજ બીજા તમામ દસ્તાવેજોના મજકૂરનો પ્રાથમિક પુરાવો છે, પણ તે તમામ દસ્તાવેજો એક જ અસલ દસ્તાવેજની નકલો હોય ત્યારે અસલ દસ્તાવેજ મજકૂરનો તે પ્રાથમિક પુરાવો નથી.

- કલમ-૬૩ ગૌણ પુરાવો :- ગૌણ પુરાવાનો અર્થ નીચે પ્રમાણે છે અને તેમાં નીચેનાનો સમાવેશ થાય છે :-

  ૧. આમાં હવે પછી આવતી જોગવાઇઓ હેઠળ આપેલી પ્રમાણિત નકલો,

  ૨. જેનાથી આપોઆપ ખરીનકલો નીકળતી હોય એવી યાંત્રિક પ્રક્રિયાઓ વડે અસલ ઉપરથી કરેલી નકલો, અને એવી નકલો સાથે મેળવેલી નકલો,

૩. અસલ ઉપરથી કરેલી નકલો અથવા સાથે મેળવેલી નકલો,

૪. જેમણે તે કરી આપ્યા ન હોય તે પક્ષકારો વિરૂધ્ધ દસ્તાવેજોન સામા લેખો,

૫. કોઇ દસ્તાવેજ જાતે જોનારી વ્યકિતએ તેના મજકૂરની આપેલ મૌખિક વિગતો.

- કલમ-૬૪ પ્રાથમિક પુરાવાથી દસ્તાવેજોની સાબિતી :- આમાં હવે પછી જણાવેલ દાખલાઓ સિવાય, દસ્તાવેજો પ્રાથમિક પુરાવાથી સાબિત કરવા પડશે.

- કલમ-૬૫ જેમાં દસ્તાવેજો સંબંધી ગૌણ પુરાવો આપી શકાય તેવા સંજોગો :-

સમજૂતી :- કલમ-૬૪ મુજબ દસ્તાવેજો તેના પ્રાથમિક પુરાવાથી જ પુરવાર કરવા જોઇએ સિવાય કે જેમાં જણાવેલા અપવાદોમાં આવતા હોય, સિધ્ધાંત એ છે કે, શકય હોય ત્યાં સુધી અસલ દસ્તાવેજો, અદાલતના નિરીક્ષણ માટે રજૂ કરવા જ જોઇએ, પરંતુ જો અસલ દસ્તાવેજો કોઇ કારણસર પુરવાર કરવા માંગનાર પક્ષકારના અંકુશ બહાર હોય તેવા દસ્તાવેજની વિગતનો ગૌણ પુરાવો આપી શકાય છે.

અલબત, જો કોઇ દસ્તાવેજ કાયદેસર ગ્રાહય ન હોય અથવા તે માત્ર અસલની નકલ જ હોય તો તેવા દસ્તાવેજને પુરાવા તરીકે ધ્યાને લઇ શકાય નહીં અને માટે જ જો અસલ દસ્તાવેજના અસ્તિત્વ અંગે કોઇ પુરાવો નહીં હોય તો, તેની ગેરહાજરીમાં તેવા દસ્તાવેજો ખોવાયેલા હોય, તે સંબંધી ગૌણ પુરાવો રજૂ કરવા મંજૂરી આપવી યોગ્ય નથી. કોઇ દસ્તાવેજની વિગત પ્રાથમિક કે ગૌણ પુરાવાથી પુરવાર કરી શકાય તેવો સામાન્ય નિયમ છે. કલમ-૬૪ મુજબ ખાસ કરીને દસ્તાવેજની વિગતોની સાબિતી માટેના નિયમો જણાવેલ છે. આ કલમ મુજબ દસ્તાવેજની વિગતો પુરવાર કરવા માટે દસ્તાવેજ અદાલતમાં નિરીક્ષણ માટે રજૂ કરવો જોઇએ, સિવાય કે, કલમ-૬૫ મુજબ ગૌણ પુરાવો આપવાની છુટ હોય, આમ, પક્ષકાર જે દસ્તાવેજ સાબિત કરવા માંગતો હોય તે અસલ દસ્તાવેજ અદાલત સમક્ષ રજૂ કરવું જોઇએ. કલમ-૬૫ મુજબ તેમાં દર્શાવેલ સંજોગો અન્વયે જે દસ્તાવેજ સંબંધી ગૌણ પુરાવો આપી શકાશે

તેથી જયારે કોઇ દસ્તાવેજ સંદર્ભે પ્રાથમિક પુરાવાને બદલે એટલે કે અસલ દસ્તાવેજને બદલે તે દસ્તાવેજ સંદર્ભે ગૌણ પુરાવો રજૂ કરવા માંગતો હોય ત્યારે તે વ્યકિતએ કલમ-૬૫ માં (ક) થી (જ) માં દર્શાવેલ સંજોગો પૈકી કોઇપણ સંજોગો અન્વયેનું માળખું બાંધવું પડશે અને માળખું બાંધ્યા બાદ જ તે સંદર્ભે ગૌણ પુરાવો રજૂ કરી શકાશે. કલમ-૬૫ માં ગૌણ પુરાવો કયારે આપી શકાય તે જણાવેલું છે તે મુજબ (૧) જયારે અસલ દસ્તાવેજ સામા પક્ષકારના કબજામાં હોય, અથવા અદાલતની કાર્યવાહી સંબંધી ન હોય અથવા જે વ્યકિત કાયદેસર રીતે તે રજૂ કરવા બંધાયેલ હોય તેના કબજામાં હોય પરંતુ તે વ્યકિત, તે રજૂ કરવાની નોટિસ આપવા છતાં રજૂ કરતી ન હોય અથવા (૨) તેમાં દસ્તાવેજોની વિગતો કે શરતોને જે પક્ષકારે તે રજૂ કરવાના હોય તેણે લેખિતમાં સ્વીકારેલી હોય અથવા હિત ધરાવતા પ્રતિનિધિએ સ્વીકારેલી હોય, અથવા (૩) જયારે અસલ ખોવાઇ ગયેલી હોય અથવા નાશ પામેલી હોય, અથવા (૪) તે રજૂ કરવું ખૂબજ અગવડભર્યુ હોય, અથવા (૫) જયારે અસલ દસ્તાવેજ જાહેર દસ્તાવેજ હોય, અથવા (૬) અસલ દસ્તાવેજ એવો હોય કે જેની પ્રમાણિત નકલોની છૂટ હોય, અને (૭) અસલ દસ્તાવેજ અસંખ્ય હિસાબો અથવા અન્ય દસ્તાવેજો કે જે સરળતાથી અદાલતમાં તપાસી શકાય તેવા ન હોય ત્યારે તે અંગે ગૌણ પુરાવો આપી શકાય છે.

In case of **AIR 2011 SC 1492 "H. Siddiqui v. A. Ramalingam"** Hon'ble Supreme Court held that; In a case where original documents are not produced at any time, nor, any factual foundation has been led for giving secondary evidence, it is not permissible for the Court to allow a party to adduce secondary evidence. Thus, secondary evidence relating to the contents of a document is inadmissible, until the non-production of the original is accounted for, so as to bring it within one or other of the cases provided for in S. 65. The secondary evidence must be authenticated by foundational evidence that the alleged copy is in fact a true copy of the original. Mere admission of a document in

evidence does not amount to its proof. Therefore, the documentary evidence is required to be proved in accordance with law. The Court has an obligation to decide the question of admissibility of a document in secondary evidence before making endorsement thereon. Where the respondent had merely admitted his signature on the photocopy of the power of attorney and did not admit the contents thereof and the trial Court without examining whether contents thereof had probative value decreed the suit for specific performance, the approach of trial Court was held to be improper.”

A plain reading of the said provision shows that secondary evidence is permissible when original has either been 'destroyed' or 'lost'. This aspect is dealt with in Halsbury law in the following manner:-

"Where a document has been lost or destroyed, secondary evidence of its contents is admissible. The court must be satisfied that the document existed, that the loss or destruction has in fact taken place and that reasonable explanation of this has been given. Thus, a bona fide and diligent search must have been made in the place where the instrument would most properly be found, but not necessarily in every possible place; nor need the search have been made recently or for the purpose of the cause."

(૧૪) ઉપરોકત કાયદાકીય જોગવાઇઓને ધ્યાનમાં રાખી હાલના કેસની ચર્ચા કરીએ તો, એ હકીકત છે કે, આ કામે ફરિયાદી તરફે જે કોઇપણ દસ્તાવેજી પુરાવા રજૂ રાખવામાં આવેલ છે તેમાં આંક-૩૬ થી ચેક, આંક-૩૭ ની ચેક જમા કરાવ્યાની પાવતી, આંક-૩૮ થી ચેક રીટર્ન મેમો, આંક-૩૯ થી રજી.એ.ડી.ની પોસ્ટલ વિન્ડો સ્લીપ અને

આંક-૪૧ અને ૪૨ થી પરત થયેલ કવર અસલ સ્વરૂપે રજૂ છે જયારે આંક-૪૦ થી કાનૂની નોટિસની સ્થળપ્રત રજૂ થયેલ છે. સદરહુ દસ્તાવેજનું સ્વરૂપ ધ્યાને લેતા અસલ સ્વરૂપમાં હોય પુરાવા અધિનિયમ મુજબ પ્રાથમિક પુરાવો હોય વંચાણે લઇ શકાય તેમ છે. જયારે બચાવ પક્ષે આંક-૫૭ થી કરાર દસ્તાવેજની એટેસ્ટેટ કોપી રજૂ રાખેલ છે, તેની અસલ રજૂ રાખેલ નથી ત્યારે સદરહુ દસ્તાવેજની યથાર્થતા વિશે હવે પછી આગળ ચર્ચા કરવામાં આવેલ છે.

(૧૫) આ કામે ફરિયાદ પક્ષે રજુ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો તેમજ ઉભય પક્ષકારોની તમામ રજુઆતો ધ્યાને લેતા આરોપી કૈલાસ થર્મો ફોમીંગથી કારખાનું ચલાવતા હોય ધંધામાં રોકાણ અર્થે મુડીની જરૂરીયાત ઉભી થતા ફરિયાદી અને આરોપી જુના મિત્ર થતા હોય ફરિયાદીએ આરોપીને હાથ ઉછીના રૂા.૧૫,૦૦,૦૦૦/- વગર વ્યાજે આપેલ અને થોડો સમય પસાર થતા ફરિયાદીએ લેણી રકમની માંગણી કરતા આરોપીએ રૂા.૧૬/૦૩/૨૦૨૨ ના રોજનો રૂા.૧૫,૦૦,૦૦૦/- નો એચ.ડી.એફ.સી. બેંક સકકરબાગ શાખા જૂનાગઢનો ચેક નં.૦૦૦૧૨૮ ફરિયાદીના નામ જોગ લખી આપેલ જે ચેક બેંકમાં જમા કરાવતા ''અપુરતા ભંડોળ'' ના શેરા સાથે પરત ફરેલ જેથી ફરિયાદીએ આરોપીને નોટિસ આપેલ જે ઘરના સરનારે લેફટના શેરા સાથે પરત ફરેલ અને ઓફિસના સરનામે રીફયુઝના શેરા સાથે પરત ફરેલ તેમજ ફરિયાદીની લેણી રકમ ચૂકવેલ ન હોય ફરિયાદ રજૂ રાખેલ છે. આ કામે ફરિયાદી દ્વારા આરોપીને નોટિસ આપવામાં આવેલ જે ઘરના સરનામે મોકલેલ તે ''લેફટ'' ના શેરા સાથે પરત આવેલ છે જયારે ઓફિસના સરનામે મોકલેલ તે ''રીફયુઝ'' ના શેરા સાથે પરત આવેલ છે, પરંતુ ફરિયાદમાં પણ તે જ સરનામું દર્શાવી દાખલ કરેલ છે અને સદરહુ સરનામા પર આરોપીને સમન્સ બજી ગયેલ છે અને આરોપી વકીલ મારફત હાજર થયેલ છે ત્યારે સાચા સરનામે નોટિસ મોકલવામાં આવેલ હોવાનું જણાય આવે છે. સામાન્ય રીતે આરોપીના સાચા સરનામે નોટિસ મોકલવામાં આવેલી હોય અને તે લેફટ, રીફયુઝના શેરા કે આરોપી મળી આવેલ નહીં કે તેવા કોઇ કારણસર પરત કરવામાં આવે ત્યારે

તેવી નોટિસ યોગ્ય રીતે બજાવવામાં આવેલ હોવાનું કાયદા મુજબ અનુમાન કરી શકાય છે. આ તબકકે C.C Alvi Haji Vs. Palapetty Muhammed and another (2007) 6 SCC 555 ના ચૂકાદાના પેરા-૧૪ માં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લેવો જરૂરી છે, જે નીચે મુજબ છે.

14. Section 27 gives rise to a presumption that service of notice has been effected when it is sent to the correct address by registered post. In view of the said presumption, when stating that a notice has been sent by registered post to the address of the drawer, it is unnecessary to further aver in the complaint that in spite of the return of the notice unserved, it is deemed to have been served or that the addressee is deemed to have knowledge of the notice. Unless and until the contrary is proved by the addressee, service of notice is deemed to have been effected at the time at which the letter would have been delivered in the ordinary course of business. This Court has already held that when a notice is sent by registered post and is returned with a postal endorsement refused or not available in the house or house locked or shop closed or addressee not in station, due service has to be presumed.

આમ, આરોપીના સાચા સરનામે નોટિસ મોકલવામાં આવેલ હતી અને તે રીફયુઝના શેરા સાથે પરત થયેલ છે પરંતુ ત્યારબાદ સમન્સ તે જ સરનામે બજી ગયેલ છે અને આરોપી હાજર પણ થયેલ છે અને નોટિસ યોગ્ય રીતે બજી નથી તેવી કોઇ હકીકતને પડકારેલ નથી ત્યારે નોટિસ યોગ્ય રીતે બજી ગયેલ હોવાનું અનુમાન ફરિયાદીની તરફેણમાં કરવાનું રહે છે.

(૧૬) આ કામે બચાવ પક્ષે આંક-૩૬ થી રજૂ થયેલ ચેક આરોપી દ્વારા સહી કરી આપવામાં આવેલ નથી તેવી કોઇ તકરાર નથી પરંતુ બચાવ પક્ષનો મુખ્યત્વે બચાવ એવો રહેલ છે કે, ફરિયાદીએ ચેકનો દુરૂપયોગ કરેલ છે, ફરિયાદ મુજબનો કોઇ વ્યવહાર થયેલ નથી અને ફરિયાદ મુજબની કોઇ કાયદેસરની લેણી રકમ ફરિયાદી માંગતા ન હોવા છતાં ખોટી ફરિયાદ કરેલ છે ત્યારે ફરિયાદી તરફે રજૂ થયેલ પુરાવાનું મૂલ્યાંકન

કરવામાં આવે તો આ કામે ફરિયાદીએ પોતાની ફરિયાદમાં આરોપીને રૂા.૧૫,૦૦,૦૦૦/- હાથ ઉછીના વગર વ્યાજે આપેલ હોવાનું જણાવેલ છે, પરંતુ આ રકમ કઇ તારીખે, કયા સ્થળે અને કેવી રીતે આપવામાં આવેલ તે સંબંધિત કોઇ સ્પષ્ટ હકીકત જણાવેલ નથી તેમજ તે સમયે ફરિયાદી તેટલી રકમ આપવા સક્ષમ હતા તેવું દર્શાવવા પણ કોઇ પુરાવો રજૂ થયેલ નથી. વધુમાં આ હકીકત સંબંધે બચાવ પક્ષે ફરિયાદીની કરાયેલી ઉલટતપાસની હકીકત ધ્યાને લેવામાં આવે તો ફરિયાદીએ આવક જાવકના હિસાબો રાખતા હોવાનું અને ઇન્કમ ટેક્ષ ભરતા હોવાનું અને ઇન્કમ ટેક્ષ રીટર્નમાં આવક બતાવતા હોવાનું સ્વીકારેલ છે, પરંતુ કોઇને પૈસા આપેલ હોય તે બતાવતા ન હોવાનું જણાવેલ છે અને તે સંબંધિત કોઇ આધાર પુરાવા પણ રજૂ રાખેલ નથી. જેથી ફરિયાદી આર્થિક સધ્ધરતા ધરાવતા હતા તેવું પુરવાર કરવાનો બોજો તેમના ઉપર રહેલો છે તે હકીકત પુરવાર કરેલ નથી. વધુમાં ફરિયાદીએ ઉલટતપાસમાં એવું સ્વીકારેલ છે કે, આ અન્ય વ્યવહારો અંગે આરોપીએ તેમને ચેક આપેલ હોય અને તે અંગેનું લખાણ કરવામાં આવેલ હોય તેવું બનેલ છે. ફરિયાદી આવું લખાણ થયાનું જણાવે છે, પરંતુ તેવું કોઇ લખાણ આ કામે તેમના દ્રારા રજૂ કરવામાં આવેલ નથી. બચાવ પક્ષે આંક-૫૭ થી કરારની નકલ રજૂ રાખેલ છે, પરંતુ તે અંગે કોઇ પ્રાથમિક પુરાવો રજૂ કરવામાં આવેલ નથી કે ગૌણ પુરાવા અંગેનું માળખું બાંધેલ નથી ત્યારે સદરહુ દસ્તાવેજ પુરાવામાં ગ્રાહય રાખી શકાય નહીં. વધુમાં ફરિયાદીએ ઉલટતપાસમાં એ હકીકત પણ સ્પષ્ટ કબૂલ રાખેલ છે કે, જયારે આરોપી સાથે નાણાંકિય વ્યવહાર થયેલો ત્યારે આરોપીએ તેમને ચેક આપેલો અને સવાલ વાળો ચેક આરોપીએ તેમને સને ૨૦૧૮ માં આપેલો અને ત્યારથી ફરિયાદ દાખલ થઇ ત્યાં સુધી તેમની પાસે હતો અને સને ૨૦૧૮ માં આરોપી સાથે નાણાંકિય વ્યવહાર થયેલ ત્યારે આરોપીએ તેમને બે કે ત્રણ ચેક આપેલા. સદરહુ હકીકત ધ્યાને લેતા હાલના ચેક અંગેનો વ્યવહાર સને ૨૦૧૮ માં થયેલ હોવાનું ફરિયાદી જણાવે છે જયારે હાલની ફરિયાદ સને ૨૦૨૨ માં કરેલી છે ત્યારે લેણા અંગે ત્રણ વર્ષની સમય મર્યાદા બાદ ફરિયાદ દાખલ કરેલ છે તેવા સંજોગોમાં સદરહુ લેણું કાયદેસર ગણી

શકાય નહીં અને મુદત બહારના લેણા માટે સદરહુ ફરિયાદ ટકી શકે નહીં. જેથી ફરિયાદીનું લેણું સમયમર્યદાના બહારનું હોવાનું સ્પષ્ટ જણાય આવે છે. આ તબકકે સમય મર્યાદાના કાયદાની કલમ-૧૮ અને ૧૯ તથા કરારના કાયદાની કલમ-૨૫(૩) ની જોગવાઇ ધ્યાને લેવી જરૂરી બની જાય છે, જે નીચે મુજબ છે.

<u>Limitation Act, 1963 Sec. 18</u>

Effect of acknowledgment in writing.—

(1) Where, before the expiration of the prescribed period for a suit or application in respect of any property or right, an acknowledgment of liability in respect of such property or right has been made in writing signed by the party against whom such property or right is claimed, or by any person through whom he derives his title or liability, a fresh period of limitation shall be computed from the time when the acknowledgment was so signed.

(2) Where the writing containing the acknowledgment is undated, oral evidence may be given of the time when it was signed; but subject to the provisions of the Indian Evidence Act, 1872 (1 of 1872), oral evidence of its contents shall not be received.

Explanation.—For the purposes of this section,—

(a) an acknowledgment may be sufficient though it omits to specify the exact nature of the property or right, or avers that the time for payment, delivery, performance or enjoyment has not yet come or is accompanied by a refusal to pay, deliver, perform or permit to enjoy, or is coupled with a claim to set off, or is addressed to a person other than a person entitled to the property or right,

(b) the word “signed” means signed either personally or by an agent duly authorised in this behalf, and

(c) an application for the execution of a decree or order shall not be deemed to be an application in respect of any property or right.

Limitation Act, 1963 Sec. 19

Effect of payment on account of debt or of interest on legacy. —

Where payment on account of a debt or of interest on a legacy is made before the expiration of the prescribed period by the person liable to pay the debt or legacy or by his agent duly authorised in this behalf, a fresh period of limitation shall be computed from the time when the payment was made:

Provided that, save in the case of payment of interest made before the 1st day of January, 1928, an acknowledgment of the payment appears in the handwriting of, or in a writing signed by, the person making the payment.

Explanation.—For the purposes of this section,—

(a) where mortgaged land is in the possession of the mortgagee, the receipt of the rent or produce of such land shall be deemed to be a payment;

(b) “debt” does not include money payable under a decree or order of a court.

(૧૭) ઉપરોકત કાયદાકીય જોગવાઇ સાથે હાલના કેસની ઉપરોકત કરેલ ચર્ચા ઘ્યાને લેતા ફરિયાદમાં આરોપીને ચોકકસ કયા સમયે હાથ ઉછીની રકમ આપેલ તે સંબંધિત કોઇ સ્પષ્ટ હકીકત દર્શાવેલ નથી, પરંતુ ફરિયાદીની ઉલટતપાસની હકીકત ઘ્યાને લઇએ તો ફરિયાદીએ જણાવેલ છે કે, હાલના ચેક અંગેનો નાણાંકિય વ્યવહાર આરોપી સાથે આશરે સને ૨૦૧૮ માં થયેલો અને ચેક આરોપીએ સને ૨૦૧૮ માં આપેલો. ફરિયાદીએ ફરિયાદમાં જણાવેલ છે કે, "જે રકમ આ કામના તહોમતદાર અમો ફરિયાદીને થોડા સમય બાદ પરત ચૂકવી આપવાનું વચન અને વિશ્વાસ આપેલ". જેથી સને ૨૦૧૮ માં હાથ ઉછીની રકમ આપેલ હતી અને તે થોડા સમય બાદ પરત ચૂકવી

આપેલ ન હોય તો ત્રણ વર્ષના સમયગાળા એટલે કે સને ૨૦૨૧ ના અરસામાં તે અંગે કાર્યવાહી કરવી જોઇએ પરંતુ સને ૨૦૧૮ માં હાથ ઉછીની રકમ આપ્યા બાદ સને ૨૦૨૨ સુધી શું કાર્યવાહી કરેલ તે અંગે કોઇ હકીકત રેકર્ડ ઉપર જણાય આવતી નથી અને ફરિયાદ વાળો ચેક તા.૧૬/૦૩/૨૦૨૨ ના રોજનો છે ત્યારે ફરિયાદીની ફરિયાદ ટકવાપાત્ર રહેતી નથી. આ તબકકે નામદાર ગુજરાત હાઇકોર્ટના દિલીપકુમાર મનહરલાલ વ્યાસ વિરૂધ્ધ ગીરધરલાલ હીરજીભાઇ અને બીજાઓ, ૨૦૨૪(૧) જી.એલ.આર. પાના નં.૧૮૫ ના ચૂકાદામાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંત ધ્યાને લેવામાં આવે તો તેની હેડ નોટ નીચે મુજબ છે.

(A) Negotiable Instruments Act, 1991 (26 of 1881) - Sec. 138 - Limitation Act, 1963 (36 of 1963) - Art. 19 - Contract Act, 1872 (9 of 1872) - Sec. 25(3) - Whether cheque amounts to acknowledgment of debt which is time-barred - Loan given by complainant to accused in year 1998 - Limitation period under Art. 19 comes to end in year 2001 - Cheque issued on 15-12-2004 i.e. beyond limitation period - No other evidence produced of acknowledgment of debt in writing within limitation period - Held, cheque not issued for discharge of "legally enforceable debt or liability" - Cheque amounts to acknowledgment of debt only if same issued within limitation period - No offence committed by accused under Sec. 138 - Acquittal confirmed.

ઉપરોકત ચૂકાદાના પ્રસ્થાપિત સિધ્ધાંત ધ્યાને રાખી હાલના કેસની હકીકત જોવામાં આવે તો સને ૨૦૧૮ માં હાથ ઉછીની રકમ આપેલી અને તે અંગે તા.૧૬/૦૩/૨૦૨૨ નો તકરારી ચેક રજૂ થયેલ છે જેથી હાલના કેસમાં પણ ચેકની રકમ સમય મર્યાદા બહારની હોવાનું સ્પષ્ટ ફલિત થાય છે અને સમય મર્યદા સાથે લેખિતમાં દેવાની સ્વીકૃતિ અંગે કોઇ પુરાવો રજૂ કરવામાં આવેલ નથી ત્યારે તકરારી ચેક

કાયદાકીય ફરજીયાત દેવું કે જવાબદારી માટે આપવામાં આવેલ હતો તેવું માની શકાય નહીં. વધુમાં ફરિયાદીની ઉલટતપાસથી આરોપીને તેના કારખાનામાં પ્લાસ્ટીકના દાણાનો ટ્રક ભરવા માટે પૈસા આપેલા હતા અને તે કારનાખાનું નામ ગેલોપ્સ થર્મોકોલ છે તેવું રેકર્ડ ઉપર આવે છે જયારે ફરિયાદીની ફરિયાદમાં આરોપી કૈલાસ થર્મો ફોર્મીંગનું કારખાનું ચલાવતા હોવાનું જણાવેલ છે ત્યારે આરોપી ચોકકસ કયુ કારખાનું ચલાવે છે તે ફરિયાદીના જ્ઞાન ન હોવાની હકીકત રેકર્ડ ઉપર આવે છે. વધુમાં ફરિયાદીની ઉલટતપાસથી હાલના વ્યવહાર અંગે રાજેન્દ્રભાઇ ગોવિંદભાઇ નારે તેમની સામે પોલીસ ફરિયાદ પણ કરેલ અને તે ફરિયાદમાં તેઓ અને આરોપી તહોમતદાર તરીકે હતા અને આ વ્યવહારમાં તેઓ અને રાજેન્દ્રભાઇ ગોવિંદભાઇ નાર બંને વચ્ચે પોલીસ સ્ટેશનમાં સમાધાન થયેલ તેવી હકીકત રેકર્ડ ઉપર આવે છે, પરંતુ ફરિયાદીએ પોતાની ફરિયાદમાં આરોપી ઉપરાંત રાજેન્દ્રભાઇ ગોવિંદભાઇ નાર સાથે પણ વ્યવહાર થયેલ હતો તેવી કોઇ હકીકત જણાવેલ નથી. વધુમાં ફરિયાદીની ઉલટતપાસથી તેઓની પાસે આરોપીના જે બે ચેક પડેલા છે તેમાં રકમ, તારીખ, નામ વિગેરે તમામ હકીકત ભરેલી છે. હાલના વ્યવહાર પેટે હાલના તકરારી ચેક સિવાય અન્ય બે ચેક મળેલા અને આરોપીએ હાલના વ્યવહાર પેટે તેમને ત્રણ ચેક આપેલા હોય તેવો ઉલ્લેખ તેમની ફરિયાદ, નોટિસ કે સરતપાસના સોગંદનામામાં કરેલ નથી ત્યારે ફરિયાદી દ્રારા સત્ય હકીકત સાથે અદાલતમાં આવેલ ન હોવાનું જણાય આવે છે. જેથી ફરિયાદી ધ્વારા હાલની ફરિયાદમાં દર્શાવેલ રકમ સિવાય અન્ય વ્યવહાર થયેલ હોવાની હકીકત રેકર્ડ ઉપર આવતી હોય અને તે સંબંધિત કોઇ ચોકકસ હકીકત ફરિયાદી પુરવાર કરી શકેલ નથી ત્યારે હાથ ઉછીની રકમ આપેલ હોય અને તે પેટે ચેક આપેલ હોવાની શકીકત શંકા ઉત્પન્ન કરે છે અને આરોપીએ ફરિયાદીના કાયદેસરના લેણા પેટે ચેક લખી આપેલ હોવાની હકીકત પુરવાર થતી નથી. ફરિયાદી તરફે પોતાની દલીલના સમર્થનમાં જૂનાગઢની અલગ અલગ કોર્ટના ચૂકાદા રજૂ રાખેલ છે, પરંતુ ઉપરોકત ચર્ચા કર્યા અનુસાર ફરિયાદીના વ્યવહાર અંગે શંકા ઉત્પન્ન થતી હોય કાયદેસરનું લેણું હોવાનું પુરવાર થતું ન હોય સદરહુ ચૂકાદા

ધ્યાને લઇ શકાય નહીં. આમ, ઉપરોકત ચર્ચા કર્યા અનુસાર ફરિયાદી અને આરોપી વચ્ચે થયેલ વ્યવહાર અને ફરિયાદીનું કાયદેસરનું લેણું હોવાની હકીકત વ્યાજબી શંકાથી પર પુરવાર કરવામાં ફરિયાદ પક્ષ નિષ્ફળ રહેલ હોય અને સમગ્ર હકીકતોને ધ્યાને લેતા બચાવ પક્ષ રીબર્ટલ પુરાવાથી કલમ-૧૧૮, ૧૩૯ અને ૧૪૬ ના અનુમાનનું ખંડન કરવામાં સફળ રહેલ હોય અને ફરિયાદ પક્ષ ઉપર આવેલ બોજો ફરિયાદીએ પુરવાર કરેલ ન હોય મુદા નં.૧ પુરવાર કરવામાં ફરિયાદ પક્ષ નિષ્ફળ નિવડેલ હોય જેથી મુદા નં.૧ નો જવાબ નકારમાં આપી મુદા નં.ર પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

-:: હુ ક મ ::-

(૧) ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ-૨૫૫(૧) અન્વયે આ કામના આરોપી રવિ મનસુખભાઇ લાખાણી, રહેવાસી : જૂનાગઢ વાળાને ધી નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ અન્વયે સજાને પાત્ર ગુનામાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામના આરોપીએ નામદાર એપેલેન્ટ કોર્ટમાં અપીલ થયેથી હાજર રહેવા માટે ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ-૪૩૭(એ) મુજબ છ માસ માટેના રૂા.૧૫,૦૦૦/- (અંકે રૂપિયા પંદર હજાર પુરા) ના સધ્ધર જામીન તથા તેટલી જ રકમના જાતમુચરકા રજૂ કરવા હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ તારીખ ૩૦મી, માહે જૂન, સને ૨૦૨૬ ના રોજ મારી સહી કરી, ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : જૂનાગઢ.
તારીખ : ૩૦/૦૬/૨૦૨૬.

(અવિનાશ કમલભાઇ ભટ્ટ)
અધિક ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,
જૂનાગઢ. (GJ-00862)